**આંક-૭**

**મહે. લેબર કોર્ટ અમદાવાદના એડી. ચીફ જ્યુડિશિયલ મેજીસ્ટ્રેટ તથા ન્યાયાધીશ (એસ.ડી.) સાહેબ સમક્ષ, જી.અમદાવાદ.**

**ફોજદારી કેસ નં.૧૧૫૨/૨૦૨૧**

**ફરિયાદી:-** **લેબર એન્ફોર્સમેન્ટ ઓફીસર (સેન્ટ્રલ), અમદાવાદ.**

**: વિરૂધ્ધ :**

**આરોપી:-** **મે.ઓલ સર્વિસીસ ગ્લોબલ પ્રા.લી.,**
**રેફ.થ્રુ સુરેશ વર્મા, મેનેજીંગ ડાયરેકટર,**
હે.પ્લોટ નં.એજી/૩, કામા ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, ગામ-પહાડી,
કુસુમ મસાલા સામે, ગોરેગાંવ (ઈ), મુંબઈ સબ અર્બન-૪૦૦૦૬૩

**ગુન્હો:-સી.એલ.આર.એ.એકટની કલમ ૨૩ અને ૨૪ મુજબ.**

(૧) આ કામના ફરીયાદીએ આરોપી વિરુધ્ધ સી.એલ.આર.એ. એકટના જુદા જુદા નિયમોના ભંગ બદલ સદરહુ કાયદાની કલમ ૨૩ અને ૨૪ હેઠળનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ હોવાની ફરીયાદ રજુ કરતા, જે ફરીયાદ અત્રેની કોર્ટને એલોટ કરવામાં આવેલ છે. ઉપરોકત કેસની ફરીયાદ લેબર એન્ફોર્સમેન્ટ ઓફીસર ધ્વારા અત્રેની કોર્ટ સમક્ષ ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ ૧૯૦ (૧) (એ) મુજબ ફરિયાદીએ રજૂ કરતા ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ ૨૦૦ (એ) વંચાણે લઈને ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ ૨૦૪ મુજબ ફરિયાદમાં જણાવેલ ગુન્હાનું સંજ્ઞાન લઈને આરોપીને સમન્સ ઈસ્યુ કરવાનો હુકમ કરેલ હતો. સદરહુ ફરિયાદની હકીકત જોવામાં આવે તો, ફરિયાદી તે સી.એલ.આર.એ. એકટ હેઠળ ભારત સરકાર ધ્વારા ગુજરાત રાજય ખાતે ઈન્સ્પેકટર તરીકે નિમવામાં આવેલ છે. વધુમાં તેઓએ આરોપી સંસ્થાની મુલાકાત લીધેલ ત્યારે, આરોપી સંસ્થા ધ્વારા **સી.એલ.આર.એ.એકટ અન્વયેના જુદા જુદા સેન્ટ્રલ રૂલ્સ**નો ભંગ કરેલ હોવાનું જણાયેલ, જે સંદર્ભે સદરહુ કાયદાની **કલમ ૨૩ અને ૨૪** હેઠળ શિક્ષાપાત્ર ગુનાની ફરીયાદ કરેલ છે.

(૨) ત્યારબાદ હાલનો કેસમાં આરોપીને સમન્સ ઈસ્યુ કરેલ, જે સંદર્ભે આરોપી વતી તેઓને ઓથોરીટી આપનાર વ્યકિત અત્રેની કોર્ટના સ્પેશ્યલ સીટીંગમાં હાજર થયેલ. જેથી તેઓને ફરિયાદ તથા તેની સાથેના કાગળોની નકલ વિના મૂલ્યે આપવામા આવેલ. ત્યારબાદ ભારતીય ફોજદારી કાર્યરીતી અધિનિયમની ક.૨૫૧ મુજબ ગુન્હાની વિગતો જણાવી ગુન્હો કબૂલ છે કે કેમ? તેવું પૂછવામાં આવેલ જેથી તેઓએ આરોપી વતી ગુન્હો કબૂલ હોવાનું જણાવેલ છે અને અલગથી ગુન્હાની કબૂલાત અંગે પુરસીસ ભારતીય ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ-૨૫૨ અન્વયે રજૂ કરેલ છે. તેઓએ આરોપી વતી ગુન્હાની કબૂલાત પુરસીસ રજૂ કરતાં તેઓને સમજાવવામાં આવેલ કે તેઓ ગુન્હો કબૂલ કરવા બંધાયેલા નથી અને તેઓ ગુન્હો કબૂલ કરશે તો આવી કબૂલાત તેઓ વિરૂધ્ધ પૂરાવા તરીકે ઉપયોગ લેવાશે. આમ, છતાં તેઓએ આરોપી વતી ગુન્હો કબૂલ હોવાનું જણાવેલ છે જેથી તેઓની પ્લી નોંધવામાં આવેલ છે.

(૩) તેઓએ હાલની ફરિયાદ અન્વયેનો ગુન્હો કોઈપણ જાતની લાલચ કે દબાણ વિના કબૂલ કરતા હોવાનું જણાવીને કબૂલાત પુરસીસ રજૂ કરેલ છે. વધુમાં જણાવેલ છે કે, પોતાને આ અંગે જાણ ન હતી અને અગાઉ તેઓ કોઈ ગુન્હામાં સંડોવાયેલા નથી. ભવિષ્યમાં આવો કોઈ ગુન્હો કરશે નહિ તેની ખાતરી આપેલ છે અને પોતાને સુધરવાની તક આપવા તથા સજા કર્યા વિના છોડી મૂકવા અથવા કાયદા મુજબ ઓછામાં ઓછી સજાથી પણ ઓછી સજા કરવા અરજ કરેલ છે.

(૪) આ તબકકે **નામદાર મદ્રાસ હાઈકોર્ટ સમક્ષમાં એન.રામૈયા વિરુધ્ધ સ્ટેટ**નો ચુકાદો જોવામાં આવે તો તેમાં આરોપી વતી ઓથોરીટી આધારે જે વ્યકિતને ઓથોરીટી આપેલ હોય તેઓ ગુનાની કબુલાત કરી શકે તેવું ઠરાવેલ છે. તે સંજોગોમાં આરોપીની ઓથોરીટી આધારે જે વ્યકિત અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહીને ગુનાની કબુલાત પુરસીસ રજુ કરેલ હોય તેઓ ગુનો કબુલ કરી શકે તેમ છે. વધુમાં આરોપી સામેના ગુન્હાની હકીકત તથા સજાની જોગવાઈ જોવામાં આવે તો આરોપીએ **સી.એલ.આર.એ.એકટ અન્વયેના જુદા જુદા સેન્ટ્રલ રૂલ્સ** ના ભંગ બદલ સદરહુ કાયદાની **કલમ ૨૩ અને ૨૪** મુજબનો ગુન્હો કરેલ છે. તે સંજોગોમાં આરોપી વતી ઓથોરીટી આધારે હાજર રહેનાર વ્યકિત સ્વેચ્છાએ ગુન્હો કબૂલ કરતા હોઈ તેથી તેઓને દોષિત ઠરાવવામાં આવે છે, પરંતુ આરોપીએ જે જોગવાઈનો ભંગ કરેલ છે તે સંદર્ભે સદરહુ કાયદામાં કેન્દ્ર સરકાર ધ્વારા જે શિક્ષાની જોગવાઈ કરેલ છે તે ધ્યાને લેતા તથા ગુનો કબુલ કરનારની ઉંમર, કેસની હકીકત, કેસનું આયુષ્ય, સજાની જોગવાઈ, ગુન્હાનો પ્રકાર વિગેરે, તેમજ ખાસ સવિશેષ **નામ.ગુજરાત હાઈકોર્ટ ધ્વારા સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ નટવર હરચંદ ઠાકોર, ૨૦૦૫ (૧) જી.એલ.આર. પાન ૭૦૯** ઉપરનાં ચૂકાદામાં પ્રસ્થાપિત સિધ્ધાંત ધ્યાને લેતા તેઓને વ્યાજબી તથા ઓછો દંડ કરી સજા કરવામાં આવે અને તે રીતે ભવિષ્યમાં ગુન્હો ન થાય તે માટે એક તક આપવામાં આવે તો તે યોગ્ય અને ન્યાયી જણાય છે, જેથી હાલના કેસમાં નીચે મુજબનો હુકમ ન્યાયના વિશાળ હિતમાં કરવામાં આવે છે.

**-: હુકમ ::-**

(૧) આ કામના આરોપીને ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ ૨૫૨ મુજબ **સી.એલ.આર.એ. એકટ અન્વયેના સેન્ટ્રલ રૂલ્સના નિયમ-81(1)(i), 71, 25(2)(viii), 82(1),75 r/w Rule 80(1), 78(a)(i), 78(a)(ii), 78(1)(a)(iii)** ના ભંગ બદલ સદરહુ કાયદાની **કલમ-૨૩ અને ૨૪** મુજબના ગુન્હા સંદર્ભે દોષિત ઠરાવવામાં આવે છે અને પ્રત્યેક કલમ દીઠ તેઓને **રૂા.૧,૦૦૦/- (અંકે રૂપિયા એક હજાર પુરા)** તેમ કુલ મળીને **રૂા.૨,૦૦૦/- (અંકે રૂપિયા બે હજાર પુરા)** ના દંડની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે. આરોપી વતી ઓથોરીટી આધારે હાજર રહેનાર વ્યકિત **શ્રી સુરેશ બિંદાપ્રસાદ વર્મા** નાઓને ઉપરોકત દંડની ભરવાની સજા કરવામાં આવે છે.

(૨) આરોપી વતી ઓથોરીટી આધારે હાજર રહેનાર વ્યકિત **શ્રી સુરેશ બિંદાપ્રસાદ વર્મા** દંડની રકમ ભરવામાં કસૂર કરે તો તેઓએ એક માસની સાદી કેદની સજા ભોગવવાની રહેશે.

(૩) આરોપીએ ભરેલ દંડની રકમ સરકારશ્રીમાં જમા કરવી.

આ હુકમ આજરોજ તા.૧૨/૦૩/૨૦૨૨ ના રોજ અત્રેની કોર્ટના સ્પેશ્યલ સીટીંગ દરમ્યાન વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કરવામાં આવે છે.

તારીખ : ૧૨-૦૩-૨૦૨૨
સ્થળ : અમદાવાદ.

**(પરવેઝઅહેમદ અલીમોહંમદ માલવીયા)**
**CODE : GJ00837**
**એડિશનલ ચીફ જ્યુડિશ્યલ મેજીસ્ટ્રેટ,**
**ન્યાયાધીશ (સિનિયર ડિવીઝન)**
**લેબર કોર્ટ, અમદાવાદ.**

J.B.KUNJERA,P.A.